**22 વર્ષ બાદ GPF ગેરરીતિના કેસમાં ચુકાદો જાહેર**

## નવસારીના નિવૃત્ત 2 શિક્ષકને 7 વર્ષની સખત કેદ, 5 લાખનો દંડ

**બન્ને** શિક્ષકોએમળી રૂ. 2.80 લાખ વધારાના લઈ લીધા બાદ પરત જમા કરાવ્યા જ નહીં

નવસારી, ઘેજ: વર્ષો સુધી કોર્ટમાં ચાલેલી કાનૂની લડત બાદ નવસારી જિલ્લાના શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલા જનરલ પ્રોવિડન્ટ ફંડ (GPF)ની ગેરરીતિના 22 વર્ષ જૂના કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આવ્યો છે. જેમાં ચીખલી તાલુકાની ઘેજ ભરડા પ્રાથમિક શાળાના 2 તત્કાલિન શિક્ષકોને 7 વર્ષની સખત કેદ અને રૂ. 5 લાખનો દંડ ફટકાર્યો હતો.

તાલુકાના ઘેજ ગામની ભરડા ફળીયા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ધનસુખભાઇ રણછોડભાઇ પટેલ અને ઉકાભાઇ બી.પટેલ નિવૃત્તિ સમયે જીપીએફની આખરી ચૂકવણાની અરજીમાં નિવૃત્તિ પૂર્વેના એક વર્ષમાં આખરી ઉપાડની અરજીની વિગત દર્શાવવાની હતી. જે વિગતો દર્શાવેલ ન હતી. જેના કારણે તેઓને અનુક્રમે ૧,૭૦,૦૦૦ અને ૧,૧૦,૦૦૦ રૂપિયાની વધુ ચૂકવણી થયેલ હતી.

બન્નેએ કચેરીને ગેરમાર્ગે દોરી છેતરપિંડી કરી વધુ નાણાં મેળવેલ હોય અને વધારાના મેળવેલ નાણાં વ્યાજ સહિત પરત કરવા બાબતે વારંવાર લેખિત પત્રો દ્વારા જાણ કરવા છતાં રકમ ભરપાઈ કરવામાં આવી ન હતી. જીપીએફની આખરી ચૂકવણીની અરજીમાં જો વધુ ચૂકવણું થાય તો વધુ ચૂકવાયેલ રકમ તાત્કાલિક સરકારમાં પરત કરવા અંગે આપેલ બાંહેધરીનો પણ ભંગ કરેલ હતો. ઉપરોક્ત બન્ને શિક્ષકોને વર્ષ ૨૦૦૩માં જીપીએફની આખરી ચૂકવણી કરવામાં આવી હતી.

ઉપરોક્ત બાબતે શિક્ષણ શાખાના તત્કાલીન હિસાબી અધિકારીની ફરિયાદમાં પોલીસે બન્ને નિવૃત્ત શિક્ષકો વિરૂધ્ધ વિશ્વાસઘાતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જે અંગેનો કેસ અત્રેની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ યોગેશભાઇ આર.પટેલની ધારદાર દલીલ વચ્ચે ન્યાયધીશ એસ.પી.દવે દ્વારા બન્ને નિવૃત શિક્ષકોને સાત વર્ષની સખત કેદની સજા અને પાંચ લાખ રૂપિયાનો દંડ ભરવાનો અને દંડ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદની સજા ફટકારવાનો હુકમ કરવામાં આવ્યો છે.



## નવસારીના એક વિસ્તારમાં પાંચ દિવસથી પાણી બંધ

**તાકીદે** પાણી પુરવઠો પૂર્વવત્ કરવા મ્યુ.કમિ. સમક્ષ લોકોની રજૂઆત

નવસારી: નવસારી શહેરના મિથિલા નગરી વિસ્તારમાં છેલ્લા પાંચ દિવસથી પીવાના પાણીનો પુરવઠો બંધ રહેતા સ્થાનિક રહીશોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ભારે વરસાદ દરમિયાન મુખ્ય પાણીની પાઈપલાઈનને નુકસાન પહોંચતાં વિસ્તારના આશરે 200 પરિવારો સુધી નિયમિત પાણી પહોંચી શકતું નથી.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, સમસ્યા અંગે મહાનગરપાલિકાના સંબંધિત વિભાગને શરૂઆતથી જ જાણ કરવામાં આવી હતી. દરમિયાન તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરાશે તેવી ખાતરી આપવામાં આવી હતી, પરંતુ હજુ સુધી પાણીનો પુરવઠો પૂર્વવત્ થઈ શક્યો નથી. પરિણામે રહીશો પોતાની રજૂઆત કરવા માટે મહાનગરપાલિકા પહોંચ્યા હતા.

રહીશોએ મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપી તૂટેલી પાઈપલાઈનનું શક્ય તેટલું વહેલું સમારકામ કરી પાણીનો પુરવઠો ફરી શરૂ કરવાની રજૂઆત કરી હતી.

## ગુંદિયામાં વિકાસનાં કામોમાં કથિત ગેરરીતિના આક્ષેપથી ખળભળાટ

**જિલ્લા** પંચાયતના સભ્ય હિનાબેને જિલ્લા વિકાસ અધિકારી સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી, તપાસ શરૂ

**બધા આક્ષેપો પાયાવિહોણા છે- જહીરામ**

ગામના આગેવાન સરપંચના દીયર જહીરામે આ સમગ્ર આક્ષેપોને તદન ખોટા પાયાવિહોણા ગણાવી કોઈ પણ જાતની ગેરરીતિ થઈ નહીં હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, મને બદનામ કરવા ખોટા આક્ષેપો થઈ રહયા છે. બધા આક્ષેપો ખોટા અને પાયાવિહોણા છે.

ધરમપુર: ધરમપુર તાલુકાના ગુંદિયા ગ્રામ પંચાયતના વિકાસના કામોમાં ટેન્ડર સહિતની પ્રક્રિયામાં નિયમોમાં કથિત ગેરરીતિના આક્ષેપો સાથે જિલ્લા વિકાસ અધિકારી સહિતના ઉચ્ચ અધિકારીઓને ફરિયાદ થતાં ભારે ખળભળાટ મચી ગયો છે. ફરિયાદમાં એવો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે કે વિકાસના કામોના સત્તાવાર દસ્તાવેજોમાં સરપંચના બદલે કોન્ટ્રાક્ટરે સહી કરી છે.

વલસાડ જિલ્લા પંચાયતના માંકડબન બેઠકના સભ્ય હિનાબેને જિલ્લા વિકાસ અધિકારી, વલસાડ પોલીસ અધિક્ષક, એન્ટી કરપ્શન બ્યુરો તથા ધરમપુર તાલુકા વિકાસ અધિકારીને લેખિત ફરિયાદ કરી નિષ્પક્ષ તપાસ અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે, ગ્રામ પંચાયતના પસંદગીના કોન્ટ્રાક્ટરોને વારંવાર કામો સોંપવામાં આવ્યા છે. આ ફરિયાદ બાદ ધરમપુર તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારીએ ફરિયાદીને ગુંદીયા ગ્રામ પંચાયત ખાતે હાજર રહી પુરાવા રજૂ કરવા જણાવ્યું હતું. ફરિયાદીએ હાજર રહીને પ્રાથમિક દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતાં. હજી આ ફરિયાદની તપાસ ચાલી રહી હોવાથી તપાસ બાદ જ સાચું ચિત્ર બહાર આવશે.

## આંતરરાજ્ય સિકલીગર ગેંગના સૂત્રધાર સહિત બેની ધરપકડ કરાઈ

**નવસારી** પોલીસે પકડી પાડેલા સૂત્રધાર અમરસિંહ સામે ગુજરાત-મહારાષ્ટ્રમાં ડઝન જેટલા ગુના નોંધાયા છે



નવસારી: નવસારી જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે આંતરરાજ્ય ઘરફોડ ચોરી કરતી કુખ્યાત સિકલીગર ગેંગના બે સાગરીતોને ઝડપી પાડી તેની પાસેથી રૂ. 15,44,969નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જપ્ત મુદ્દામાલમાં સોનાના દાગીના, એક કાર અને મોટરસાઈકલનો સમાવેશ થાય છે.

ચોક્કસ બાતમીના આધારે LCBના પીઆઈ વી.જે. જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વાય.જી. ગઢવી અને તેમની ટીમે નસીલાપોર ગામ નજીક બુલેટ ટ્રેનના બ્રિજ નીચે વોચ ગોઠવી બંને આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓની ઓળખ અમરસિંહ સમશેરસિંહ બાવરી અને સમંદરસિંહ ઉર્ફે સિકંદરસિંહ પરીતસિંહ તરીકે થઈ છે. પોલીસ તપાસમાં મુખ્ય આરોપી અમરસિંહ સામે ગુજરાત અને મહારાષ્ટ્રના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ઘરફોડ ચોરી અને પ્રોહિબિશનના 12 જેટલા ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે.

પોલીસે બંને આરોપીઓની વધુ પૂછપરછ શરૂ કરી છે. જિલ્લામાં તેમજ અન્ય રાજ્યોમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુનાઓમાં તેમની સંડોવણી અને ગેંગના અન્ય સભ્યો અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.



## કપરાડાના ઉંમલીમાં સલામતીના અભાવે યુવાને જીવ ગુમાવ્યો

**નિર્માણાધીન** કૂવામાં કામ કરી રહેલા રાજસ્થાનના કામદારનું કૂવામાં પડી જવાથી મોત

વલસાડ: કપરાડા તાલુકાના અંતરિયાળ કેતકી ઉંમલી ગૃપ પંચાયતના ઉંમલીમાં સોમવારે સવારે નિર્માણાધિન કૂવામાં કામ કરી રહેલા રાજસ્થાનના કામદાર કૂવામાં ખાબકતા તેનું ડૂબી જવાથી મોત નીપજ્યું હતું.

ઉંમલીમાં ખાડીની બાજુમાં કૂવાનું બાંધકામ ચાલી રહ્યું હોય તેમાં પાલખી ઉપર ઊભો રહી કામદાર રામચંદ્ર સેવારામ જાટ (ઉ.વ. 38, રહે: ખંડેલ ગામ, તા.જેતપુરા, જિલ્લા જયપુર, રાજસ્થાન) કામ કરી રહ્યો હોય અકસ્માતે તે કૂવામાં પડી જતા દોડધામ મચી હતી. સાથી કામદારે બૂમાબૂમ કરતા સ્થાનિકોએ દોડી બચાવ કામગીરી હાથ ધરી હતી. કૂવો ઉંડો હોય તેમાં સફળ ન થતા કપરાડા પોલીસને જાણ કરતા પોલીસ કર્મચારી સંદીપભાઈએ સ્થળ ઉપર પહોંચી ધરમપુર ફાયર ફાયર બ્રિગેડના જવાનોએ જહેમત બાદ કામદારના મૃતદેહને બહાર કાઢ્યો હતો. આશરે 40 ફૂટ ઊંડા કૂવામાં કામ કરતા કામદાર માટે સુરક્ષાની કોઈ વ્યવસ્થા એજન્સી દ્વારા કરવામાં આવી ન હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

## ટેલીગ્રામ મારફતે મ્યૂલ એકાઉન્ટ નેટવર્ક ચલાવતો વોન્ટેડ એજન્ટ ઝડપાયો

**વલસાડ** સાયબર ક્રાઇમ પોલીસે 5.21 કરોડથી વધુના સાયબર ફ્રોડનો પર્દાફાશ કર્યો



વલસાડ: ગુજરાત પોલીસના ઓપરેશન મ્યૂલ હન્ટ 2.0 અંતર્ગત વલસાડ સાયબર ક્રાઇમ પોલીસને સફળતા મળી છે. સાયબર ફ્રોડ માટે મ્યૂલ બેંક એકાઉન્ટ એકત્ર કરી ટેલીગ્રામ એપ મારફતે ગેરકાયદે નાણાંની હેરફેર કરાવતા વોન્ટેડ એજન્ટની અમદાવાદમાંથી ધરપકડ કરવામાં આવી છે. તપાસ દરમિયાન આ નેટવર્ક સાથે સંકળાયેલા બેંક ખાતાઓમાં કુલ રૂ. 5,21,38,466 જેટલી રકમના સાયબર ફ્રોડના વ્યવહારો થયાનું બહાર આવ્યું છે.

પોલીસે અગાઉ આ જ ગુનામાં વલસાડના મોગરાવાડી વિસ્તારમાં રહેતા નકુલ રાજેશભાઈ થોરાટની ધરપકડ કરી હતી. તેની પૂછપરછ દરમિયાન બેંક ખાતાનો ઉપયોગ સાયબર ફ્રોડના નાણાંની હેરફેર માટે કરવામાં આવતો હોવાની માહિતી મળી હતી.

આ કડીને આધારે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસે અમદાવાદના નિકોલ વિસ્તારમાં રહેતા હર્ષિલ ઉર્ફે સંજયભાઈ હિંમતભાઈ યાદવ (ઉ.વ. 32)ને ઝડપી પાડ્યો હતો.

તપાસમાં સામે આવ્યું કે આરોપી ટેલીગ્રામ પર ખોટી ઓળખ બનાવી દેશભરમાંથી બેંક ખાતાધારકો અને એજન્ટોને ભેગા કરતો હતો. ત્યારબાદ સાયબર ફ્રોડ કરનારાઓ સાથે સંકલન રાખી ફ્રોડની રકમ બાયનાન્સ એપ, એટીએમ અથવા ચેકબુક મારફતે ઉપાડી લેવાય ત્યાં સુધી ખાતાધારકો અને એજન્ટો પર નજર રાખતો હતો. આરોપી વિવિધ શહેરોની હોટલોમાં રોકાઈ સમગ્ર નેટવર્કનું સંચાલન કરતો હોવાનું પણ બહાર આવ્યું છે.

પોલીસે આરોપીના મોબાઈલ ફોનની તપાસ કરતા વોટ્સએપ અને ટેલીગ્રામ ગ્રૂપ મારફતે વિવિધ વ્યક્તિઓ પાસેથી બેંક એકાઉન્ટ મેળવવાના પુરાવા મળ્યા હતાં. સમન્વય પોર્ટલ પર ચકાસણી દરમિયાન આ ખાતાઓ સામે દેશભરમાં લગભગ 70 જેટલી સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાયેલી હોવાનું જાણવા મળ્યું હતું.

આરોપી પાસેથી ત્રણ મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યા છે. તેમાં ત્રણ સિમકાર્ડ, પાંચ વોટ્સએપ નંબર, પાંચ ઈમેલ આઈડી અને એક બાયનાન્સ આઈડી મળી આવી હતી. બાયનાન્સ એકાઉન્ટમાં અંદાજે રૂ. 1.89 કરોડના ટ્રાન્ઝેક્શન થયાના પુરાવા પણ તપાસ દરમિયાન મળ્યા હોવાનું પોલીસે જણાવ્યું છે.

## વલસાડમાં એક મહિનામાં 31 વોન્ટેડ આરોપીઓ ઝડપાયા

વલસાડ: વલસાડ જિલ્લા પોલીસને ગંભીર ગુનાઓમાં લાંબા સમયથી ફરાર અને પોલીસ પકડથી દૂર રહેલા આરોપીઓને ઝડપી પાડવામાં નોંધપાત્ર સફળતા મળી છે. જિલ્લામાં નોંધાયેલા હત્યા, લૂંટ, ચોરી, બળાત્કાર, અપહરણ તેમજ TADA એક્ટ જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા અને લાંબા સમયથી નાસતા ફરતા કુલ 31 વોન્ટેડ આરોપીઓને જૂન મહિનામાં ઝડપી પાડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

વલસાડ જિલ્લા એલસીબી, પેરોલ ફર્લો સ્કવોડ, એસઓજી તેમજ વિવિધ પોલીસ સ્ટેશનોની ટીમોએ સંયુક્ત કામગીરી હાથ ધરી હતી.

## તલાવચોરાના આધેડનો આપઘાત

ઘેજ: ચીખલી તાલુકાના તલાવચોરા ડેન્સા ફળિયા ખાતે રહેતા મહેશભાઇ છોટુભાઇ કોળી પટેલે (ઉ.વ-૫૬) ૧-જુલાઈના રોજ રાત્રિના સાડા આઠેક વાગ્યે અગમ્ય કારણોસર પેરાકવીટ નામની ઝેરી દવા પી લેતા પ્રથમ વૈદ્ય હોસ્પિટલ અને વધુ સારવાર અર્થે વલસાડની હોસ્પિટલમાં ખસેડાતા જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.

## નાનાપોંઢામાં તલાટી મંડળ દ્વારા ટીડીઓ સમક્ષ રજૂઆત

**મૂળભૂત** કામગીરી સિવાય વધારાની કામગીરીમાંથી મુક્ત કરવા માગણી



વલસાડ: નાનાપોંઢા તાલુકા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા સંઘના આદેશ મુજબ પંચાયત અને ગ્રામ વિકાસ સિવાયની તમામ વિભાગોની મહેસુલી કામગીરી સદંતર બંધ કરવા અંતર્ગત પ્રમુખ સંજયભાઈ પટેલની ઉપસ્થિતિમાં તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર અપાયું હતું.

આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, ગ્રામ્ય કક્ષાએ તલાટી કમ મંત્રી દ્વારા પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ મહેસૂલ વિભાગ તથા અન્ય વિભાગોની કામગીરી પણ કરવામાં આવે છે, તલાટી કમ મંત્રી માટે સ્પષ્ટ અને સુવ્યવસ્થિત જોબ ચાર્ટ ન હોવાથી તેમના પર અસંગત તથા વધારાની કામગીરીના બોજો વધી રહ્યો છે, જેની અસર ગ્રામ વિકાસની મૂળભૂત કામગીરી ઉપર થઈ રહી છે. જે મુદ્દે રાજ્ય સંઘ દ્વારા સરકારમાં રજૂઆતો બાદ પણ અલગ જોબ કાર્ડ નક્કી ન થતા રાજ્ય તલાટી સંઘના આદેશ મુજબ પંચાયત અને ગ્રામ વિકાસ સિવાયની તમામ વિભાગોની મહેસુલી કામગીરી સદંતર બંધ કરવા અંગે અંતર્ગત તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર અપાયું હતું.

## વાપી આર.કે.દેસાઈ કોલેજનું ગૌરવ વધાર્યું

વાપી: આર.કે. દેસાઈ કોલેજ ઓફ કોમર્સ અને મેનેજમેન્ટ, વાપી અંતર્ગત એફ.વાય.બી.બી.એ સેમેસ્ટર-૨ના વિદ્યાર્થીઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા જાહેર થયેલ પરિણામમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરી કોલેજના એફ.વાય.બી.બી.એ. કોર્સમાંની કોલેજનું ગૌરવ વધાર્યું છે. પ્રથમ ક્રમે આવનાર વર્મા સુજાતા બાલકિશન (૮.૦૦ SGPA), દ્વિતીય ક્રમે સિંહ સીતા સતેન્દ્ર (૭.૮૨ SGPA) અને ત્રીજા ક્રમે પીટર જેનિફર એલન (૭.૭૩ SGPA) છે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફળતામાં બીબીએ વિભાગના પ્રોફેસર્સનું મહત્વનું યોગદાન રહ્યું છે તથા બી.બી.એ. વિભાગના હેડ ડો. પ્રિન્સી ઠાકુર અને કોલેજના ઈનચાર્જ આચાર્યા ડો. શીતલ ગાંધીની પણ મહત્વની ભૂમિકા રહી છે. આ જ્વલંત સિદ્ધિ મેળવવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, સંસ્થાના ઈનચાર્જ ડાયરેક્ટર ડૉ.મિત્તલ શાહે અભિનંદન પાઠવ્યા હતાં.

## વાપી છીરીથી 12.259 કિલોગ્રામનો ગાંજો, તમંચા સાથે બે પકડાયા

**ગાંજો** આપનારા કલીમ ઉર્ફે હકલા સામે 18 ગુના નોંધાઈ ચૂક્યા છે



વાપી: વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુજરાતસિંહ જાડેજાની સૂચના અને એલસીબી પીઆઈ એ.યુ.રોઝના માર્ગદર્શન મુજબ ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન એ.એસ.આઈ. અલ્લારખુ અમીરભાઈ તથા એ.એસ.આઈ. અજય અમલાભાઈને મળેલી સંયુકત બાતમી આધારે, વાપી નજીકના છીરી, વડિયાવાડ, કેયુર નવનીતભાઈ પટેલની ચાલીમાં રેઈડ કરી હતી. જ્યાંથી પીન્ટુ ભગત સત્યનારાયણ ભગત જયસ્વાલ (ઉ.વ.31) અને ત્રિપુરારીકુમાર હૃદયનારાયણ યાદવ (ઉ.વ. 28, બંને મૂળ ઝારખંડ) હોવાનું જણાવ્યું હતું. રૂમમાંથી પોલીસે રૂ. 6,12,950ની કિમતનો 12.259 ગ્રામ ગાંજો જપ્ત કર્યો હતો.

આ ઉપરાંત બન્ને પાસેથી દેશી તમંચો પણ મળ્યો હતો. પોલીસ દ્વારા ચાલીમાલિક કેયુર નવનીતભાઈ પટેલ (રહે. છીરી) તથા જથ્થો આપનારા કલીમ ઉર્ફે હકલા અલીમુદ્દીન સૈયદ, લલનકુમાર સત્યનારાયણ ભગત અને વિશાલ (તમામ રહે. છીરી-વાપી)ને વોન્ટેડ બતાવ્યા હતાં.

પીન્ટુ ભગત સામે ડુંગરા પોલીસ મથકમાં જુગારધારા કલમ જ્યારે ચાલીમાલિક કેયુર પટેલ સામે ડુંગરા પોલીસ સ્ટેશનમાં વિવિધ કલમો હેઠળ 2 ગુના જ્યારે નાનાપોંઢા પોલીસ મથકમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધાયેલ છે. જ્યારે કલીમ ઉર્ફે હકલા સામે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં 5, વાપી ઉદ્યોગનગર પોલીસમાં 2, ડુંગરામાં 5 ઉપરાંત ભીલાડ, નાની દમણ, નાનાપોંઢા પોલીસ સ્ટેશન મળી કુલ 18 ગુનાઓ વિવિધ કલમો હેઠળ નોંધાયેલા છે. પોલીસે ગાંજો, તમંચો તથા બે મોબાઈલ ફોન તથા વજનકાંટો મળી કુલ રૂ.6,28,950નો મુદ્દામાલ કબજે લઈ વાપી ડુંગરા પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એકટ તથા આર્મ્સ એકટ હેઠળ ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરી હતી.

## વાપીના હથિયારના ગુનામાં વોન્ટેડ 13 વર્ષે યુપીથી પકડાયો

**વડોદરાની** હોસ્પિટલમાંથી પોલીસને ચકમો આપી ભાગી છૂટ્યો હતો



વાપી: વલસાડ જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં દાખલ થયેલ ગુનાઓમાં વોન્ટેડને પકડવા અંગે વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચના મુજબ એસઓજી ટીમ પ્રયત્નશીલ હતી. દરમિયાન વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં વર્ષ 2013માં આર્મ્સ એકટ હેઠળ ગુનો નોંધાયેલ હતો અને તે ગુનામાં ઘનશ્યામ ઉર્ફે કરન ઉર્ફે બીગ ઉર્ફે બાબા રામપ્રતાપ સીંગ (રહે. રાજસ્થાન અથવા મધ્યપ્રદેશ)નું નામ વોન્ટેડ હોય જેને પકડવા માટે હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેકનિકલ એનાલીસીસ આધારે તપાસ હાથ ધરી હતી. આ આરોપી ભરૂપ જિલ્લા એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં વર્ષ 2008માં ધાડ સાથે ખૂનના ગુનામાં વડોદરા મધ્યસ્થ જેલનો પાકા કામનો કેદી હોય જે વર્ષ 2011માં વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલથી પોલીસ જાપ્તામાંથી ફરાર થઈ ગયો હતો અને વર્ષ 2013માં વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એકટનો ગુનો આચર્યો હતો. વલસાડ એસઓજી ટીમ દ્વારા વિગતો મેળવી એક ટીમ ઉત્તરપ્રદેશના અયોધ્યાથી ટ્રેક કરી કેન્ટ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ શહાદતગંજથી ઘનશ્યામ વર્મા (ઉ.વ. 36, હાલ રહે: શિવનગર કોલોની, થાના, કેન્ટ, યુપી)ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી વાપી ટાઉન પોલીસ સ્ટેશને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## નવસારી:4.76લાખનીછેતરપિંડી કરનારો અમદાવાદથી ઝડપાયો

**ઓનલાઇન** રકમ ટ્રાન્સફર કરી છેતરપિંડી આચરી હતી

નવસારી: નવસારી સાયબર ક્રાઇમ પોલીસે રૂ. 4.76 લાખની ઓનલાઈન છેતરપિંડીના ગુનામાં અમદાવાદના શિવમ હસમુખભાઈ બાવરવા (ઉ.વ. 27)ની ધરપકડ કરી છે.

પોલીસ તપાસ મુજબ, આરોપીના મોબાઈલ નંબર પર અન્ય વ્યક્તિના બેંક ખાતા સંબંધિત SMS આવતા હતા. આ માહિતીના આધારે તેણે ખાતાધારકની વિગતો મેળવી ક્રેડિટ કાર્ડ અપાવવાના બહાને વિશ્વાસ સંપાદન કર્યો હતો. ત્યારબાદ પાસબુક અને ડેબિટ કાર્ડની વિગતો મેળવી પોતાના મોબાઈલ પર આવતા OTPનો ઉપયોગ કરીને અરજદારના ખાતામાંથી રૂ. 4,76,500 પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી છેતરપિંડી આચરી હતી.

ફરિયાદના આધારે નવસારી સાયબર ક્રાઇમ પોલીસે ભારતીય ન્યાય સંહિતા અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર યુ. એલ. મોદીના માર્ગદર્શન હેઠળ ટેકનિકલ તપાસના આધારે આરોપીને અમદાવાદથી ઝડપી લેવામાં આવ્યો હતો.

પોલીસે આરોપી પાસેથી વધુ પૂછપરછ શરૂ કરી છે. આ પ્રકારની છેતરપિંડીમાં અન્ય કોઈ વ્યક્તિ સંડોવાયેલી છે કે નહીં તેમજ અન્ય ગુનાઓ સાથે તેની સંડોવણી છે કે કેમ તે દિશામાં તપાસ ચાલી રહી છે.

## મટવાડનાં રહેણાંક વિસ્તારમાં દીપડો ઘૂસતાં લોકોમાં ભય

**વન** વિભાગનું રેસ્ક્યુ ઓપરેશન શરૂ: લોકોને ભીડ ન કરવા તંત્રની અપીલ



નવસારી: નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના મટવાડ ગામમાં સોમવારે બપોરે દીપડો દેખાતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. મટવાડ ક્રિકેટ ગ્રાઉન્ડ સામે આવેલી આદર્શ બૂનિયાદ શાળા નજીક મુખ્ય માર્ગ પર દીપડો જોવા મળ્યા બાદ તે નજીકના એક મકાનના ગેરેજમાં ઘૂસી ગયો હતો.

ઘટનાની જાણ થતાં વન વિભાગ અને જલાલપોર પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે વિસ્તારને કોર્ડન કરી જરૂરી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

વન વિભાગ દ્વારા ગેરેજની આસપાસ પાંજરું ગોઠવી દીપડાને સુરક્ષિત રીતે પકડવા રેસ્ક્યુ કામગીરી હાથ ધરવામાં આવી છે. તંત્રે સ્થાનિકોને ઘટનાસ્થળથી દૂર રહેવા અને ભીડ ન કરવા અપીલ કરી છે.

## નવસારી: 416 અનાથ બાળકોને પાલકમાતા-પિતા યોજનાનો લાભ

**સરકાર** દ્વારા આવાં બાળકોને દર મહિને 3,000ની સહાય ચૂકવાઈ રહી છે

નવસારી: રાજ્ય સરકારની 'પાલક માતા-પિતા યોજના' હેઠળ નવસારી જિલ્લાનાં 416 અનાથ અને નિરાધાર બાળકોને દર મહિને રૂ. 3,000ની આર્થિક સહાય આપવામાં આવી રહી છે. યોજનાનો મુખ્ય હેતુ અનાથ બાળકોને સંસ્થામાં નહીં પરંતુ પરિવારના વાતાવરણમાં ઉછેર અને શિક્ષણ માટે સહાય પૂરી પાડવાનો છે.

આ યોજના હેઠળ 18 વર્ષ સુધીનાં એવા બાળકોને લાભ મળે છે, જેમણે માતા-પિતા બંને ગુમાવ્યા હોય અથવા માતા કે પિતાના અવસાન બાદ હયાત વાલીએ પુનઃલગ્ન કર્યા હોય. આવા બાળકોનો ઉછેર દાદા-દાદી, નાના-નાની, કાકા, મામા, માસી, ફોઈ અથવા અન્ય નજીકના સ્વજનો કરતા હોય તો તેઓ સહાય માટે પાત્ર બને છે.

અરજી માટે બાળકનું જન્મ પ્રમાણપત્ર, માતા-પિતાના મૃત્યુનો દાખલો, આવકનો દાખલો, રેશનકાર્ડ, આધાર કાર્ડ, બેંક ખાતાની વિગતો તથા અન્ય જરૂરી દસ્તાવેજો રજૂ કરવાના રહે છે. ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક રૂ. 27 હજાર અને શહેરી વિસ્તારમાં રૂ. 36 હજાર સુધીની આવક ધરાવતા પરિવારો યોજનાનો લાભ મેળવી શકે છે.

યોજનાની વધુ માહિતી માટે જિલ્લા બાળ સુરક્ષા કચેરીનો સંપર્ક કરવા જણાવ્યું છે.

### પેપર પ્રસિધ્ધી

**મે. નવસારીના ચીફ જ્યુડી. મેજી. અને એડી. સીની. સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ. નવસારી**

અરજદાર: જયમીન રમેશભાઈ પટેલ
ઉ.આ.વ. ૩૪ ધંધો-નોકરી
રહે. મુ. દાંતી, જલારામ સ્ટ્રીટ, વાયા મરોલી બજાર,
તા. જલાલપોર, જી. નવસારી. મો.: ૭૬૦૦૪૨૮૩૨૫

સીવીલ પરચુ. અરજી (સકશેસન સર્ટી)
નંબર: ૩૧/૨૦૨૫
ઠરાવ તારીખ: ૧૭/૦૭/૨૦૨૬
આંક: ૧૧
વિ.વ.શ્રી. **બી. સી. પટેલ**

વિરૂધ્ધ

સામાવાળા: ૧) કામીનીબેન તે રમેશભાઈ મોહનભાઈ પટેલની પુત્રી અને નયનભાઈ પટેલની પત્ની ઉ.આ.વ. ૩૧, ધંધો-ઘરકામ
૨) અક્ષર તે રમેશભાઈ મોહનભાઈ પટેલ - ઉ.આ.વ. ૨૮ ધંધો-નોકરી
બંને રહે. મુ.પો. દાંતી જલારામ સ્ટ્રીટ, વાયા મરોલી બજાર, તા. જલાલપોર, જી. નવસારી

આથી આ પેપર પ્રસિધ્ધી આપી જણાવવાનું કે, ઉપરોક્ત વારસાઈ પરચુરણ અરજના અરજદારના તથા સામાવાળાના મામાશ્રી જીતેન્દ્ર મગનભાઈ પટેલ નાઓનું અવસાન તા. ૦૫/૦૨/૨૦૨૪ ના રોજ બીનવસીયત, અપરિણિત, નિઃસંતાન થયેલ છે. તેઓના સ્વતંત્ર નામે નીચે મુજબના શીડયુલ એ માં જણાવેલ મિલકતો ચાલી આવેલ છે.

**શીડયુલ એ**

| ક્રમ | બેંકનું નામ | ખાતા ધારકનું નામ | ખાતા નંબર | પાકતી તારીખ | પાકતી તારીખે રકમ (રૂપીયા) |
|---|---|---|---|---|---|
| ૧ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ઉંભરાટ, તા. જલાલપોર | જિતેન્દ્ર મગનભાઈ પટેલ | ૩૫૪૦૯૮૦૯૮૫૯ | ૧૯-૧૨-૨૦૨૫ | ૧,૨૫,૬૮૮/- |

તે અંગે વારસા સર્ટીફીકેટ મેળવવા ઉપરોક્ત નંબરથી અરજ દાખલ કરેલ છે. સદરહું પરચુરણ અરજની સુનવણી ઉપરોક્ત ઠારાવ તારીખના રોજ સવારે ૧૦:૪૫ કલાકે મે. નવસારીના મે. ચીફ. જ્યુડી. મેજી. અને એડી. સીની. સિવિલ જજ સાહેબની કોર્ટમાં રાખવામાં આવેલ છે.. તો આ અરજ વિરૂધ્ધ જો કોઈ ઈસમને વાંધો, વિરોધ વિગેરે હોય તો તેમણે જાતે અગર યોગ્ય પ્રતિનિધી/વકીલશ્રી મારફતે હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારોને માંગ્યા મુજબનું વારસાઈ સર્ટીફીકેટ આપવાનો હુકમ ફરમાવવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ તારીખ: ૨૯ મી માહે જુન ૨૦૨૬ ના રોજ મોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર સહી/- (એ. આર. નીઓલીયા) આસીસ્ટન્ટ

મુકાબલ કરનાર સહી/- (એન. પી. ઠાકોર) ડે. રજીસ્ટ્રાર

કોર્ટનો સિક્કો

હુકમથી સહી/- (બી. એમ. પટેલ) રજીસ્ટ્રાર મુખ્ય સિનિયર સિવિલ કોર્ટ, નવસારી